# શહેરમાં સાત દીકરીઓનો ડંકો

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગર કેન્દ્રનુ ૭૧.૭૨ ટકા પરિણામ

### એ-વન ગ્રેડમાં જિલ્લામાંથી ૭ નો સમાવેશ : એ વન ગ્રેડમાં સ્થાન મેળવનાર તમામ વિદ્યાર્થીનિઓ : અડાલજ કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ ૭૩.૫૨ ટકા જયારે દહેગામનુ સૌથી ઓછુ ૪૧.૯૦ : ગાંધીનગર દક્ષિણનુ પરિણામ ૬૫.૧૮



ગાંધીનગર તા ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહરે થયુ હતુ. જેમાં ગાંધીનગર કેન્દ્રમાં ઉત્તરનુ ૭૧.૭૨ અને દક્ષિણનુ ૬૫.૧૮ ટકા પરિણામ આવ્યુ છે. જયારે જિલ્લાના કેન્દ્રો પૈકી સૌથી વધુ ૭૩.૫૨ ટકા અડાલજ કેન્દ્રનુ પરિણામ આવ્યુ છે. જયારે સૌથી ઓછુ દહેગામનુ ૪૧.૯૦ ટકા પરિણામ આવ્યુ છે. જિલ્લામાંથી એ વન ગ્રેડમાં સ્થાન પામનાર તેજસ્વીઓ નગરની શાળાઓના છે. જેમાં એ વન ગ્રેડમાં સાત વિદ્યાર્થિનીઓએ મેદાન માર્યુ છે. જેમાં એક પણ વિદ્યાર્થી નથી. નગરની માઉન્ટ કાર્મેલ શાળાનુ સો ટકા અને એન કે સ્કુલ ઓફ કોમર્સનુ પરિણામ ૯૫.૨૩ ટકા પરિણામ આવ્યુ છે. જયારે આર સી પટેલ હાઈસ્કુલનુ પરિણામ ૯૩.૧૫ ટકા આવ્યુ છે. આ શાળાની વિદ્યાર્થીની ટોપર્સની યાદીમાં મોખરે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૫૫.૦૮ ટકા આવ્યુ છે. જિલ્લામાંથી નોંધાયેલા ૧૩૦૭૭ વિદ્યાર્થીઓ પૈકી ૧૨૯૨૦ પરીક્ષા આપી હતી. જયારે જિલ્લામાંથી ૭ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જયારે ૧૮૦ એ ટુ ગ્રેડમાં અને ૭૯૭ બી વન ગ્રેડમાં ૧૭૧૮ બી ટુ ગ્રેડમાં ૨૨૭૫ સી વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જિલ્લામાંથી ૫૯૬૧ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી. જિલ્લાનુ પરિણામ ૫૫.૦૮ ટકા રહયુ છે.

જયારે ગાંધીનગર જિલ્લાના વિવિધ કેન્દ્રોમાં પણ અડાલજ કેન્દ્રનુ સૌથી વધુ ૭૩.૫૨ ટકા પરિણામ આવ્યુ છે. જયારે ગાંધીનગર ઉત્તરનુ ૭૧.૭૨ ટકા આવ્યુ છે. જેમાં ગાંધીનગર ઉત્તરના કેન્દ્ર પરથી નોંધાયેલા ૨૧૦૫ વિદ્યાર્થીઓ પૈકી૨૦૯૦ એ પરીક્ષા આપી હતી. જયારે ૬૦૬ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી.અને દક્ષિણનુ ૬૫.૧૮ ટકા પરિણામ આવ્યુ છે. દહેગામ કેન્દ્ર પરથી ૧૨૪૦ નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૨૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જયારે આ પૈકી ૭૨૫ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી. દહેગામ કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ ૪૧.૯૦ ટકા રહયુ છે. ઝીંડવ કેન્દ્રનુ પરિણામ પણ ઓછુ ૪૭.૬૫ ટકા આવ્યુ છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સી સી ટી વી ફુટેજના આધારે કુલ ૬ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખ્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી ૭ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે.જયારે આ તમામ વિદ્યાર્થીઓ નગરની શાળાના છે. જયારે એ વન ગ્રેડમાં સ્થાન મેળવનાર તમામ વિદ્યાર્થીનીઓ છે. એક પણ વિદ્યાર્થીને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ નથી.

### જિલ્લાના કેન્દ્રવાર પરિણામની ટકાવારી

| | |
|---|---|
| ગાંધીનગર (ઉ) | ૭૧.૭૨ |
| ચાંદખેડા | ૬૫.૨૯ |
| ચંદ્રાલા | ૫૫.૯૭ |
| છાલા | ૬૧.૨૬ |
| ડભોડા | ૫૯.૫૧ |
| ગાંધીનગર (દ) | ૬૫.૧૮ |
| અડાલજ | ૭૩.૫૨ |
| કલોલ | ૫૯.૩૮ |
| મુબારકપુર | ૫૭.૧૦ |
| માણસા | ૫૭.૫૭ |
| પરબતપુરા | ૬૬.૬૭ |
| દહેગામ | ૪૧.૯૦ |
| નાંદોલ | ૫૮.૫૩ |
| ઝીંડવા | ૪૭.૬૫ |

### નગરની કઈ શાળાનું કેટલું પરિણામ

| શાળાનુ નામ | બેઠા | પાસ | પરિણામ |
|---|---|---|---|
| માઉન્ટ કાર્મેલ સ્કુલ | ૬૫ | ૬૫ | ૧૦૦ |
| એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૨૯૪ | ૨૮૦ | ૯૫.૨૩ |
| આર સી પટેલ સ્કુલ | ૨૧૯ | ૨૦૪ | ૯૩.૧૫ |
| પ્રતાપસિંહ હીન્દી વિદ્યાલય | ૮૭ | ૭૮ | ૮૯.૨૫ |
| એમ બી પટેલ ઈંગ્લીશ મી | ૧૨૦ | ૧૦૬ | ૮૮.૮૩ |
| આર જી કન્યા વિદ્યાલય | ૨૫૮ | ૨૧૮ | ૮૪.૪૯ |
| જે એમ ચૌધરી | ૩૨ | ૨૧ | ૬૫.૬૭ |
| સ્વામિનારાયણ સ્કુલ | ૫૫ | ૩૬ | ૬૫.૪૫ |

### નગરની ટોપર્સ વિદ્યાર્થીનીઓ

| વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| જાનવી જુવાનસિંહ ચાવડા | (આર. સી. પટેલ સ્કૂલ) | ૬૪૩ (૭૦૦) |
| શ્રેયા અલ્પેશકુમાર ઓઝા | (આર. સી. પટેલ સ્કૂલ) | ૬૩૩ |
| હફીઝુનીશા એમ મિરઝા | (આર. જી. કન્યાશાળા) | ૬૮૦ (૭૫૦) |
| વિધિ એચ સુથાર | (આર. જી. કન્યાશાળા) | ૬૩૧ (૭૦૦) |
| કનિશા રાઠોડ | (આર. જી. કન્યાશાળા) | ૬૩૧ (૭૦૦) |
| માનસી તુષાર પટેલ | (સ્વામીનારાયણ હાઈસ્કૂલ) | ૬૮૩ (૭૫૦) |
| મેઘા પરમાર | (એન. કે. સ્કૂલ ઓફ કોમર્સ) | ૬૩૯ (૭૦૦) |

### જિલ્લામાંથી ૬ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખાયા

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર જિલ્લામાંથી ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં શિક્ષણ બોર્ડે ગેરરીતીના કેસમાં ઝડપાયેલા ૬ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખ્યા છે. જયારે આ પૈકી એક કીસ્સામાં સ્કવોર્ડ તેમજ અન્ય પાંચ કીસ્સામાં સી સી કેમેરાના ફુટેજના આધારે પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા પ્રત્યેક પરીક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમારની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. જયારે પરીક્ષા દરમિયાન સ્કવોર્ડના સભ્યો પણ રાઉન્ડ લેતા હતા. સી સી ટી વી ફુટેજનુ નિરિક્ષણ કરી બોર્ડ દ્વારા ગેરરીતી કરતા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. જેમા ગાંધીનગર જિલ્લામાંથી ૬ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે. સી સી ટી વી કેમેરા તેમજ ટેબલેટના ફુટેજના આધારે બોર્ડના અધિકૃત અધિકારી દ્વારા જિલ્લાના ૬ કિસ્સામાં પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે. જેમાં એક સ્કવોર્ડ તેમજ અન્ય ૫ સી સી ટી વી ફુટેજના આધારે ગેરરીતી માલુમ પડતા પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે.

## ટોપર્સમાં પ્રથમ જાનવીને સીએમાં અભ્યાસ કરવો છે

ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહનુ આજે પરિણામ જાહેર થતા જિલ્લાના ૭ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જો કે આ તમામ વિદ્યાર્થીઓ નગરની શાળામાં અભ્યાસ કરે છે. આ પૈકી ટોપર્સની યાદીમાં પ્રથમ સ્થાને આવનાર આર સી પટેલ કન્યા શાળાની જાનવી જુવાનસિંહ ચાવડાએ ૭૦૦ માંથી ૬૪૩ ગુણ પ્રાપ્ત કર્યા છે. જાનવીએ ૯૧.૮૬ ટકા ગુણ મેળવી નગરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આ તેજસ્વી વિદ્યાર્થીનીને આગળ સી



એ માં અભ્યાસ કરવો છે. જાનવીના પિતા જુવાનસિંહ કોન્સ્ટેબલ છે. જયારે માતા ગૃહીણી છે. સારા પરિણામ માટે રોજની તૈયારી રોજ કરવી એ અનિવાર્ય છે. સતત અભ્યાસની સાથે રીવીઝન વર્ક પણ જળવાઈ રહે તે પણ જરૂરી છે.જાનવીને અભ્યાસ ઉપરાંત રમતનો પણ શોખ છે. સ્પોર્ટસમાં રસ ધરાવતી જાનવીને બેડમીંગ્ટન રમવાનુ ખુબ પસંદ છે.જાનવી તેના તેજસ્વી પરિણામનો યશ તેની મહેનત તેમજ શાળાના શિક્ષકોન માર્ગદર્શનને આપે છે. જયારે જાનવી માતા પિતાએ પણ તેણીને અભ્યાસ માટે સતત પ્રોત્સાહન આપ્યુ હોવાનુ પણ જણાંવે છે.

## સંયુક્ત કુંટુબમાં રહેવાથી અભ્યાસમાં ખલેલ ન પહોંચે બધાનુ માર્ગદર્શન મળે

### એન કે સ્કુલ ઓફ કોર્મસની મેઘા પરમારને આઇ એસ બનવાની ખેવના : એકાઉન્ટમાં ૧૦૦ ગુણ : દેશ માટે સારા કામ કરવાનો ઇરાદો

ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગરની ૭ વિદ્યાર્થીનીઓએ ટોપર્સમાં સ્થાન મેળવી નગરની શાળાઓને ગૌરવ અપાવ્યુ છે. જયારે તેજસ્વીઓની યાદીમાં માત્ર વિદ્યાર્થીનીઓનુ નામ જ જોવા મળે છે. જેમાં સે-૨૮ સ્થિત એન કે સ્કુલ ઓફ કોર્મસની મેઘા પરમારે પણ ૬૩૯ ગુણ મેળવી એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. આ શાળાના અન્ય ૨૬ વિદ્યાર્થીઓ એ ટુ ગ્રેડમાં સ્થાન પામ્યા છે. મેઘાએ એકાઉન્ટ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ



પ્રાપ્ત કર્યા છે. મેઘાના પિતા નટવરભાઈ પેથાપુરમાં સસ્તા અનાજની દુકાન ચલાવે છે. જયારે માતા નિર્મળાબેન હાઉસ વાઈફ છે. મેઘાને વાંચન તેમજ સંગીતનો વિશેષ શોખ છે. તેજસ્વી પરિણામ પ્રાપ્ત કરનાર મેઘાને દેશની સેવા કરવામાં રસ છે. જયારે આગળ અભ્યાસ કરીને તેણીએ આઈ એ એસ બનવુ છે. દેશ માટે સારા કામ કરવાનો બુલંદ ઈરાદો પણ તેણીએ વ્યકત કર્યો છે. મેઘાના મતે સંયુક્ત કુંટુબમાં રહેવાથી પરિવારની હુંફ મળે છે. હાલ સંયુકત કુંટુબ પ્રથા તુટી રહી છે તે વાતનુ તેને દુખ છે. પરંતુ સંયુક્ત કુંટુબમાં રહીને જ તેણીએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ હોવાનુ પણ તે જણાંવે છે. સાથે રહેવાથી અભ્યાસમાં ખલેલ પહોંચતી નથી પરંતુ હંમેશા આનંદ અને ખુશાલી મળે છે.

## જળસંચય અભિયાન બાદ સ્વચ્છતા અને પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરાશે

### ૬ જુનથી આ સપ્તાહ ૮ મનપા, ન.પા. વિસ્તાર તેમજ તાલુકાના મુખ્યમથકો અને ૧૦૦ ગામોમાં અભિયાન યોજાશે : સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાતનો નબળો દેખાવ મંત્રીમંડળની બેઠકમાં ચિંતાનો વિષય બની ઉભરતાં સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૩૧

રાજયમાં આજે જળસંચય અભિયાન સંપન્ન થયા બાદ સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાતને જે લપડાક પડી છે તેને ધ્યાને રાખી હવે સરકારે ૬ જુનથી એક સપ્તાહ માટે સ્વચ્છતા અને પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે.

સચિવાલયના અત્યંત વિશ્વસનીય સાધનોએ જણાવ્યુ છે કે આ વખતે સ્વચ્છતા સર્વેક્ષણમાં જે નબળો દેખાવ થયો છે તેને લઈ રાજયમંત્રી મંડળની બેઠકમાં ગંભીર ચર્ચાઓ થઈ હતી.

આ ઉપરાંત પર્યાવરણના મુદ્દે પણ ચિંતાની લાગણી બેઠકમાં વ્યક્ત થઈ હતી. આથી સરકારે સ્વચ્છતા અને પર્યાવરણ સપ્તાહની ૬ જુનથી ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ સપ્તાહ બે તબક્કામાં ઉજવવામાં આવશે. જોકે બીજો તબક્કો ક્યારે ઉજવવો તેનો નિર્ણય લેવાયો નથી.

પ્રથમ તબક્કામાં ૮ મહાનગર પાલિકા, નગર પાલિકાઓ તેમજ રાજ્યના તમામ તાલુકાના મુખ્ય મથકો અને વધુ જનસંખ્યા ધરાવતા ૧૦૦ ગામોમાં આ અભિયાન હાથ ધરાશે.

સ્વચ્છતામાં શહેરી વિસ્તારોમાં વધતી જતી ગંદકી તેમજ પ્લાસ્ટીકનો બેફામ ઉપયોગ વધુ બેકાબુ બન્યો હોવાથી તેને અગ્રતા આપવામાં આવી છે. આ ઉપરાંત ૫ મી જુન એ વિશ્વ પર્યાવરણ દિવસ છે અને રાજયમાં તે અંગે જન જાગૃતિનું અભિયાન ઉજવણી કરીને કરાશે.

શહેરી વિસ્તારોમાં ગંદકીને કારણે વધેલા હવાના પ્રદૂષણની પણ ગંભીર નોંધ સરકારે લીધી છે. આ આખા અભિયાન માટે સરકારે આખી વ્યુહરચના તૈયાર કરી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.



ગાંધીનગર શહેરની સુંદરતા હરિયાળીને આભારી છે... અને હરિયાળી માટે દરકારની કિંમત પણ ચુકવવી પડે છે... આકરી ગરમીમાં પાણી ભલે ઓછુ હોય તેમ છતાં હરિયાળીને જાળવવા માટે જરૂર પૂરતું પાણી પણ પુરુ પાડવું પડે છે... ગાંધીનગરના મુખ્ય માર્ગો વચ્ચે વિકસાવવામાં આવેલ સેન્ટ્રલ વીસ્ટાને જાળવવા માટે પણ આ દરકાર નિયમિત લેવી પડે છે... સેન્ટ્રલ વીસ્ટામાં વિવિધ ફુલ-છોડને નિયમિત રીતે તંત્ર દ્વારા પાણી પુરું પાડવામાં આવે છે.... ઉનાળાની આકરી ગરમીમાં સુકાતા છોડને પાણી આપી નવજીવન બક્ષવા તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. ઉક્ત તસવીર આ વાતની સાબિતી પુરી પાડે છે.

## દબાણો હટાવવા તંત્રની જવાબદારી નક્કી કરવા માંગ

### શહેરના દબાણો માટે તંત્રના અધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ વધુ જવાબદાર : પિન્કી પટેલ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં વધતી જતી ઝુંપડપટ્ટી માટે તંત્રો વચ્ચે સંકલનનો અભાવ અને ઉદાસીનતા જવાબદાર હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના કાઉન્સીલર પિન્કીબેન પટેલે કર્યો છે.

શહેરમાં વધતા જતા દબાણોને લઈ તેમણે જિલ્લા કલેક્ટરને એક પત્ર પાઠવ્યો છે અને તેમાં પણ આ વાતનો ઉલ્લેખ કરી ગેરકાયદે દબાણો તાકીદે દૂર કરવામાં આવે તેવી માંગ કરી છે.

દબાણ હટાવવાની ઝુંબેશ મહાનુભાવોના આગમન સમયે જ થતી હોય છે અને તે અલ્પજીવી હોય છે. દબાણો માટે તંત્રની જવાબદારી નિયત કરી અને તેની નિયમિત રીતે સમયાંતરે સમીક્ષા થાય તેવી પણ માંગ કરી છે.

તંત્રે દબાણ મુદ્દે પ્રજાની ફરીયાદને મજાક બનાવી દીધો છે. ગાંધીનગરમાં મોટા ભાગની જમીન સરકારી છે. પણ તેમાં જે પ્રજાજનો પરીવાર સાથે પોતાના પાકા મકાનો

● અનુસંધાન પાન-૭ પર
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com